

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

સંમત નથી કોઈ એક મુદ્દે, કરૂણ ગમ્મત છે,
બધી વાતે, વિરોધ માટે વિરોધની મમત છે,
કમત છે એક-મેકને આરોપે પછાડવાની -
રાષ્ટ્ર-સેવા નથી, આ ટાંટિયા-ખેંચની રમત છે.

હાઈકુ

આ ખંડણી કે -
સમાધાન શરતો?!
માગ્યું મામેરું!!

વારતેવારે
નાપાકથી ચર્ચાની -
ઉપડે ચળ!!

### ચિંતન

**રથસ્યૈકં ચક્ર ભુજગયમિતાઃ સપ્તતુરગા નિરાલંબો માર્ગશ્ચરણહિતઃ સારથિરપિ ।**
**રવિર્યાત્યેવાન્તં પ્રતિદિનમપારસ્ય નભસઃ ક્રિયાસિદ્ધિઃ સત્યે ભવતિ મહતાં નોપકરણે ॥**

વિદ્યાર્થીઓ, કામ કરનારા ક્રિયાશીલો (પોલીસ વગેરે) હંમેશાં નિષ્ફળતા માટે ‘સાધનો’ - સુવિધાનો અભાવનું બહાનું દઈ છટકવાનો પ્રયત્ન કરે છે અહીં ‘સૂર્ય’ ની પરિસ્થિતિ દર્શાવી તે કેવી રીતે ધ્યેય પ્રાપ્ત કરે છે તે દર્શાવ્યું છે!

‘સૂર્યના રથને એક જ પૈડું છે. (કાલ ચક્ર) અને સર્પોની લગામવાળા સાત ધોડા છે. પસાર થવાનો માર્ગ પણ અદ્ધરતાલ (આકાશ) છે અને રથનો હાંકનાર સારથી પણ પગ વિનાનો છે.

આ બધી વિષમતાઓ વચ્ચે પણ સૂર્ય દરરોજ અપાર મુસાફરી કરી આકાશની આરપાર પૂર્વથી પશ્ચિમ સુધીની મુસાફરી અટક્યા વિના પૂરી કરે જ છે.

ખરેખર! બુદ્ધિમાન-હિંમતવાન માણસોને પોતાનું આત્મબળ જ સફળતા અપાવે છે એમને અન્ય કોઈ સાધન-સુવિધા-બહાનાંની જરુર પડતી નથી.’

### સુવિચાર

- સજ્જન પાસેથી અપેક્ષિત નિષ્ફળ યાચના સારી...
  પણ દુર્જન પાસેથી સફળ યાચના ખરાબ છે - **કઠોપનિષધ**
- ઉદ્ધત વર્તન એટલે નબળા માણસે કરેલી તાકાતની નબળી નકલ - **નવનીત**
- ઈર્ષા માણસને ખૂબ મોંઘી પડે છે,
  ઈર્ષા એટલે અન્યને હાનિ પહોંચાડવા માટે આપવામાં આવેલું માનસિક બલિદાન - **ઝેન કથન**
- દોસ્તી ટકાવી રાખવી હોય તો
  દોસ્તો માટે વધુ સારું અને ઓછું સારું તમારા માટે રાખો - **નુફાત**
- મોટા માણસો મોટા છે, કારણ આપણે એમને ઘૂંટણિયે પડેલા છીએ - **ફાધર વર્ગીસ**
- ઉત્કંઠા, ઉત્કતા, લગન ધગશ, ઉત્સાહ એ વ્યક્તિમાં સ્વયંભૂ હોવા જોઈએ - **ડો. કલામ**
- આજનું ઔષધ : જાંબુના ઠળીયા ને પાણીમાં વાટી પેસ્ટને શરીરે લગાવી સ્નાન કરવાથી પરસેવો ઓછો વળે છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

ગમે તેવી આપત્તિ-તો ફોન-વાવાઝોડાં-કજીયા-કંકાસ યુદ્ધ-બોલાચાલીમાં માણસ મૌન રહે નમ્ર બની જાય તો એને કોઈ જ તકલીફ પડતી નથી. નમે તે સૌને ગમે.

એકવાર યુદ્ધિષ્ઠિર, પિતામહ ભીષ્મને મળવા ગયા પાછા આવતાં યુદ્ધિષ્ઠિરે વિનંતી કરી, દાદા મને કંઈ ઉપદેશ આપો! ભીષ્મ કહે એક કથા કહું છું.

વર્ષાઋતુમાં બધી નદીઓ સમુદ્રને મળવા જતી હોય છે એમ વેત્રવતી નદી પણ ગઈ.

ખાલી હાથે આવેલી જોઈ સમુદ્ર એના પર ગુસ્સે થતા કહ્યું, બધી નદીઓ જયારે મને મળવા આવે છે ત્યારે મારા માટે, મોટાં વૃક્ષો, મકાનો, નવી નવી કાર, પથ્થરા જેવી વસ્તુઓ ભેટ તરીકે લાવે છે પણ તું એકલી જ એવી છે કે સદાય ખાલી હાથ આવે છે!

વેત્રવતી બોલી : નાથ! હું પણ આપના માટે કંઈક લાવવા વધારે વેગવંતી બનું છું પણ મારા માર્ગમાં માત્ર ધ્રો-દર્ભ-(એક જાતનું ઘાસ)ના મન માત્ર જ છે. જયારે હું તમારા માટે એ પવિત્ર ઘાસ ઉખેડીને લાવવાનો પ્રયત્ન કરું છું ત્યારે એ ઘાસ મારા પ્રવાહની દિશામાં નમીને મને સાષ્ટાંગ કરે છે તેથી હું તેને ઉખેડી નથી શકતી આમ ધ્રો પોતાના સ્થાને ટકી રહે છે અને ફરી ઉનાળામાં તેનાં વન ઊભાં થઈ જાય છે.

સમુદ્ર તેના જવાબથી સંતુષ્ઠ થયો. યુધિષ્ઠિર મર્મ સમજી ગયા.

## વાણીનું વરદાન અને વિશિષ્ટ ‘ઈનોવેટિવ’ વિચારો

### તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદી બીજા નેતાઓ કરતાં જુદા કઈ બાબતમાં પડે છે? ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિને પણ તેઓ પોતાની તરફેણમાં કઈ રીતે કરી શકે છે? આટઆટલા આકરા પ્રહારો પછી સંસદમાં ‘સૌ સુનાર કી, લુહાર કી એક’ વાળું સૂત્ર સાચું પાચવાની કઈ ચમત્કારિક શક્તિ ધરાવે છે આ અદના ગુજ્જુ પીએમ? - આવા તો કંઈ કેટલાયે પ્રશ્નોની પરંપરા કોઈ પણ પ્રબુદ્ધ નાગરિકના મનમાં ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. સંસદમાં અનેક મુદ્દે ઘેરાઈ ગયેલી ભાજપ સરકારના આ સૂત્રધારે પહેલાં તો બજેટ ચર્ચા પર વિપક્ષી નેતાઓ દ્વારા થયેલ તમામ પ્રહાર ચૂપચાપ ઝીલ્યે રાખ્યાં. ચર્ચાને અંતે જયારે જવાબ આપવાનો વારો આવ્યો ત્યારે વાણીના આ જાદુગરે જરી પણ ઉગ્રતા દર્શાવ્યા વગર કટાક્ષમય ભાષણ કરીને બધાની બોલતી બંધ કરી દીધી. રાહુલ ગાંધીએ મહામહેનત મોદી સામે ‘ફૅર એન્ડ લવલી’ બ્રાન્ડ આક્ષેપો કર્યા એના મુદ્દાસર જવાબો તો આપ્યા જ, પરંતુ નામ લીધા વગર એમણે જે ફટકા લગાવ્યા એનો ચચરાટ રાહુલ લાંબા વખત સુધી અનુભવશે. કેટલાક લોકોની ઉંમર વધે છે પણ બુદ્ધિ વધતી નથી - એવી કૉમેન્ટને કોઈ બિનસંસદીય તો કહી ન શકે. એ કોમેન્ટ કોની સામે હતી તે ગૃહ આખું જાણે છે અને દેશ પણ જાણે છે. મોદીની આ જ કમાલ છે. અટલબિહારી વાજપેયી પણ વાણીનું વરદાન પામેલા પ્રધાનમંત્રી હતા પણ મોદી જેવા જનોઈવઢ કટાક્ષ કરવા જેટલા ક્રૂર એ નહોતા બની શક્યા. પંડિત જવાહરલાલ નહેરુની ઊંચાઈએ પહોંચવા માટે તો ઔદાર્ય અને સૌજન્યની સંપદા જોઈએ. ઈંદિરા ગાંધી પાસે વ્યક્તિત્વ હતું, વાણી નહીં, મોદી પાસે વ્યક્તિત્વ છે, વાક્ચાતુર્ય છે અને કયારે શું બોલવું એની કુનેહ પણ છે. વળી એમની પાસે અવનવા ઈનોવેટિવ આઈડિયા છે. સંસદ સત્ર માટે એમણે કરેલાં ત્રણ સૂચન બીજા કોઈ વડાપ્રધાનને કેમ નહીં સૂઝ્યાં હોય? આ એવા સૂચનો છે જેનો વિરોધ કોંગ્રેસ કે ડાબેરીઓ ભાગ્યે જ કરી શકશે. અલબત્ત, ૮મી માર્ચે આવતાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસો સંસદમાં મહિલાઓ જ બોલે, એવું સૂચન ખૂબ જ આવકારવા લાયક છે. દરેક પક્ષ પાસે સંસદમાં બોલી શકે એવી મહિલાઓ ન પણ હોય - પરંતુ છે એ તો બોલે! મહિલા અનામત બિલનો એક યા બીજા બહાના હેઠળ વિરોધ કરતા રહેનાર મુલાયમસિંહનાં પૂત્રવધુ પણ સંસદમાં ચૂંટાયેલાં છે, વળી તો સુશિક્ષિત છે. કુંવારા વડાપ્રધાન મહિલા સાંસદોની આટલી તરફદારી કરે છે, તે જ શું મોટી વાત નથી? બીજું સૂચન એમણે નવા ચૂંટાયેલાં સાંસદોની તરફેણમાં કર્યું છે. શંકરસિંહ વાઘેલા જેવા મહારથીને હરાવી સાહરકાંઠાની બેઠક કબજે કરનારા ‘જાયન્ટ કિલર’ દીપસિંહને અંગ્રેજી-હિંદી ન ફાવતું હોય તો ભલે મોદી સર્જિત ગરવી ગિરા ગૂર્જરીમાં બોલે, પણ બોલે તે જરુરી છે. નહીંતર આવા એમ ને એમ પાંચ વરસ પૂરા થઈ જાય અને સંસદમાં ‘મેઈડન સ્પીચ’ આપ્યા વગર નવનિર્વાચિત સાંસદો કોરા ધાકોર રહી પાછા ફરે તો પાંચ વરસ પાણીમાં ગયા જેવું જ લાગે. મોદીનું ત્રીજું સૂચન ખુદ એમના પક્ષના સાંસદોને પણ કઠે એવું છે. એમણે શનિવારની રજાના દિવસે વિશેષ હાજરી આપી કલાઈમેટ ચેન્જ સામે કેવી રીતે લડી શકાય એની ચર્ચા કરવાનું સૂચન કર્યું છે. સૂચન બહુ જ સારું છે. પણ સાંસદો એમની વીક એન્ડની મજાના ભોગે કલાઈમટ ચેન્જ જેવા ગંભીર વિષય પર માથાકૂટ કરવા સહમત થાય એ વાતમાં માલ નથી.

## જો ગાંધી હિન્દુસ્તાનના કુલમુખત્યાર બાદશાહ હોત તો...?

### દક્ષિણ આફ્રિકી પત્રકારના વિચાર સંબંધે મહાત્મા ગાંધીની કેફિયત



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ઘણી વખત એવી ચર્ચા થાય છે કે મોહનદાસ કરમચંદ ગાંધી દેશના વડાપ્રધાન બન્યા હોત તો? - આમ તો આ પ્રશ્ન કે પ્રશ્નની પરિધી ચર્ચા જ અસ્થાને છે. કારણ એક જ ગાંધી સત્તાધીશ બનવાનું વ્યક્તિત્વ જ ન હતા. જાહેર જીવનમાં સક્રીય રહીને સત્યના પ્રયોગો એ જ તેમના જીવનનું અંતિમ સત્ય હતું. પણ લેખની શરુઆતમાં જ મૂકાયેલા પ્રશ્ન વિધાન સંદર્ભે ખુદ મો.ક. ગાંધીએ જ જવાબ આપ્યો છે તે જોઈએ.

દક્ષિણ આફ્રિકાના વેસ્ટ મિન્સ્ટર ગેઝેટના તંત્રી શ્રીયુત સ્પેન્ડરે હિન્દુસ્તાનનો પ્રવાસ કરીને ગાંધીના વિશે લખતાં એવું નોંધ્યું હતું કે ‘જો તેઓ (ગાંધી) હિન્દુસ્તાનના કુલમુખત્યાર બાદશાહ હોય તો યુરોપિયનોને હિંદુસ્તાનમાં દાખલ કરવા વિશે અને તેમના વસવાટ વિશે જે નિયમ કરે તે નિયમો કરી રહ્યા છે. તેનાથી બહુ જુદા ન હોય.’

મિ. સ્પેન્ડરનો આ લેખ વિશે જી.ડી. ચેટરજીએ પત્ર મારફતે મોકલ્યો હતો. ચેટરજીએ લેખને લિયો ટોલ્સટોય જેને ઈન્દ્રજાળ કહે છે તેના અદ્‌ભૂત દાખલા સમાન ગણાવ્યો હતો. અને ઉલ્લેખ પણ જરુરી છે કે સ્પેન્ડરે લેખમાં ગાંધીને ‘સાધુ ગાંધી’ ભલમનસાઈથી ભરેલા અને કોઈ પણ વર્તમાન વ્યવસ્થાને બદલવાને માટે હિંસક અથવા અરાજક સાધનો વપરાતાં હોય તો ત્યાં મારું કામ નથી એમ તેને ખરાં દિલથી પ્રતિપાદન કરાવનારા તરીકે પણ ઓળખાવ્યા હતા.

ભલમનસાઈથી ભરેલા સાધુ ગાંધી જો ‘હિંદુસ્તાનના કુલમુખત્યાર બાદશાહ’ હોય તો શું કરત એ વિશે મિ. સ્પેન્ડરની કલ્પના કરતાં પોતાની કલ્પના વધારે સપ્રમાણ ગણાય એવી તાર્કિક દલીલ સાથે ગાંધી ખુદ તેમના વિચારો રજૂ કરે છે.

ગાંધી કહે છે, જો હું હિંદુસ્તાનનો બાદશાહ હોઉં તો તો હું તો નાતજાત, રંગ, વર્ણ કે ધર્મનો ભેદ માન્યા વિના મનુષ્યમાત્રને એક પિતાના પરિવાર ગણી હિંદીઓના ભાઈ ગણું, કારરણ મારા ધારવા પ્રમાણે સૌ એક પિતાનાં બાળકો છે એટલું જ નહીં, પણ ઉત્તમમાં ઉત્તમ અને કનિષ્ઠમાં કનિષ્ઠ મુક્તિ માટે સમાન શક્તિવાળા છે. હિંદમાં જે લશ્કર પડાવ નાખીને પડેલું છે તેમાંથી ઘણાખરાને હું રજા આપી દઉં, માત્ર દેશના નાગરિકોને ચોરો અને લૂંટારાઓથી બચાવવા માટે જેટલી પોલીસની જરુર હોય તેટલી પોલીસ જ રાખું. સરહદની જાતિઓને આજે લાંચ આપવામાં આવે છે તેમ હું લાંચ ન આપું. હું તો તેમની સાથે અતિશય મિત્રાચારીનો સંબંધ બાંધુ અને તે હેતુથી ત્યાં સુધારકો મોકલી તેમને માટે ઉપયોગી ધંધા શોધવાનો પ્રયત્ન કરું. હિંદુસ્તાનમાં રહેનાર દરેક યુરોપિયનને હું સંપૂર્ણ અભયદાન આપું અને દરેક પ્રામાણઈક યુરોપીયન ઉદ્યોગને હું પૂરું રક્ષણ આપું. પરદેશથી આવતા કાપડ ઉપર હું આકરામાં આકરી જકાત નાખી હિંદુસ્તાનમાં આવતું બંધ કરું અને ખાદીની વ્યવસ્થા સરકારને સોંપું. અને તેમ કરીને ગામડાના દરેક કાંતનાર સ્ત્રીપુરુષને ખાતરી આપું કે તેનું બધું સૂતર સરકાર ખરીદી લેશે. હું બધા કેફી દારુઓ આવતા બંધ કરું, તમામ દારુ ગાળવાનાં કારખાના બંધ કરું અને કેવળ વૈદકીય ઉપયોગને માટે જરુરી ગણવામાં આવે તેટલો જ દારુ અને અફીણ બનાવવા દઉં. માનવજાતની નીતિ દૃષ્ટિએ આપઘાત પહોંચાડનારી ન હોય તેવી દરેક પૂજા અથવા ઈબાદતની પ્રથાને સુરક્ષિત રાખવાની હું ખોળાધરી આપું અને કહેવાતા અસ્પૃશ્યોને દરેક સાર્વજનિક મંદિર, શાળા અને રસ્તા જેનો ઉપયોગ બીજા હિંદુઓને કરવા દેવામાં આવે તેનો ઉપયોગ કરવા દઉં. હિંદુ અને મુસલમાનોના પ્રતિનિધિઓને બોલાવી મંગાવી તેમનાં ખીસા તપાસું, અને તેમાંથી ખાવાપીવાનું કંઈ સાધન અથવા હથિયર હોય તો તે કાઢી લઈ, તેમને એક ઓરડામાં પૂરી, ત્યારે જ બહાર કાઢું કે જયારે તેઓ કહે કે અમે અમારા કજિયા પતાવ્યા છે. બીજી બધી વસ્તુઓ છે કે જે હું હિંદુસ્તાનનો બાદશાહ હોઉં તો કરું. પણ મારા બાદશાહ થવાનો કશો સંભવ નથી, એટલે ઉપર આપેલી યોજના છે તેને, ખોટી રીતે સ્વપ્નદૃષ્ટા કહેવાતો, છતાં પોતાને વ્યવારકુશળ માણસ માનનાર એક માણસ જો તેને સત્તા હોય તો દેશના ગરીબમાં ગરીબની જરૂરિયાત સમજી તે શું કરે તેની વાનગીરુપે ગણવી.

જો ગાંધી ખરેખર હિંદુસ્તાનના કુલમુખત્યાર બાદશાહ બન્યા હોત તો? - આ કલ્પના વાચકો ઉપર છોડું છું. ગાંધીના જ શબ્દોનું પુનરાવર્તન કરતાં કહેવું અસ્થાને રહેશે કે આ પ્રશ્ન/કલ્પના વિશે લેખકની કલ્પના કરતાં વાચકોની કલ્પના સપ્રમાણ ગણાય!

(લેખક : ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## આદર, હૂંફ અને સ્નેહ ત્રણેય પ્રસન્ન જીવનના આધાર સ્તંભો છે, હળવો ને પ્રેમાળ સ્પર્શ રોમ-રોમ પુલકિત કરે છે, દિવસ દરમિયાન જે વ્યકિતના આપણા સંપર્કમાં આવે તેનો દિવસ આનંદમય બને, શીખવાનું ચાલુ રાખે તે જીતે....



અદબ-પલાંઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

આદમી કા શૌખ
અગર
કામ બન જાય
ઈસસે બહેતર બાત કોઈ
હો હી નહિ સકતી

(જીતેન્દ્ર, લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ સ્વીકારતી વખતનો અભિપ્રાય)

ફોન આવ્યો.
પ્રશ્ન : કેમ છો ?
જવાબ : મજામાં.

જવાબ આપનારની સ્થિતિ એવી છે કે હમણાંજ લીંબુ કાપવા જતાં આંગળી કપાઈ ગઈ છે. લોહી વહે છે. પાટો બંધાય છે અને ફોનમાં પ્રશ્ન પૂછાય છે. કેમ છો ને જવાબ મળે છે. મજામાં. ખબર નહી કેમ પણ આપણને બધાને આ એક જ જવાબ કોઠે પડી ગયો છે. ‘મજામાં.’ દરેક વ્યકિત ખરેખર મજામાં હોય છે ખરી ? તો પછી મજામાં હોવું એટલે શું?

રોજ સવારે ઉઠીને બ્રશ કરવું. વહેલાં ઉઠીને યોગ-ધ્યાન આદિક્રિયાઓ કરવી કે પછી સ્નાન કરવું. આ બધું એક ટેવના રૂપમાં વિકસતું જાય છે. ટેવ પડી જાય પછી તેને અલગથી કરવાની પળોજણ કે પછી એ કામનું કોઈ ભારણ રહેતું નથી. કેટલાક લોકો દુઃખી થવાની ટેવવાળા હોય છે. કોઈ કારણ હોય કે ના હોય દુઃખી થવું તેમનો જન્મસિધ્ધ અધિકાર હોય તેમ તેઓ વર્તે છે. નાની-નાની વાતે મોટુ દુઃખ વહોરી લેનારાઓનો આપણે ત્યાં તોટો નથી. સ્વયં દુઃખી થનારને સુખી કરવાનો કોઈ ઉપાય ખરો?



સુખી થવાનો ઈજારો બધા પાસે છે. પ્રામાણિક પણે કેટલીક બાબતોને અનુસરીએ તો સુખ ચોકકસ રીતે આપણા હૃદયમાં પ્રસ્થાપિત થયા વગર રહેતું નથી. શાંતિ અનુભવવી એ સામાન્ય વ્યકિત માટે ખૂબ મોટી ઘટના છે. શાંતિનો અનુભવ કરવો એ નથી ખાવાના ખેલ કે નથી બાવાના. કેટલાક બાવાઓ કહેતા હોય કે ‘‘જા બચ્ચા તેરા ભલા હો જાયેગા’’. અથવા ‘‘તુજે ચારધામકી યાત્રા કા સુખ મિલેગા’’. કે પછી ‘‘તેરી મનોકામના સિધ્ધ હો જાયેગી’’ વગેરે વગેરે. આ પ્રકારના વચનો (આશીર્વાદ ?) થી મનની શાંતિ મળી શકે ખરી કે ? મનની શાંતિ કે પ્રસન્નતા કયારેય ઉછીની ન મળે. કે ન તો ખરીદી શકાય. અન્યોને છેતરીને પ્રસન્નતા મેળવી શકાતી નથી. મનમાં દુર્ભાવના કે છળકપટ હોય તેનું ચિત્ત શાંત કે પ્રસન્ન હોઈ ન શકે. પ્રસન્નતાના પુષ્પો તો સુખ, શાંતિ અને સ્વસ્થતાના બાગમાં જ ખીલતા હોય.

કેટલાક હંમેશા પ્રસન્ન રહેવા ટેવાયેલા હોય છે. અન્ય લોકો તેમને નીમ પાગલથી ઓળખતા હોય છે. સફળતાનું રહસ્ય તેમની હંમેશા પ્રસન્ન રહેવાની ટેવ છે. હતાશા ખંખેરી પ્રસન્ન રહેતા લોકો સફળતાને વરે છે. પ્રસન્નતાનો શ્વાસ સૌને લેવો ગમે છે. પ્રસન્ન રહેવાને માટે જો આપણી પોતાની એક જીદ છે તો આપણને કોઈ તાકાત અપ્રસન્ન કરી શકે નહિ. પ્રકૃતિ સાથે તાદાત્મ્ય, સર્જનાત્મકતા અને અન્યને મદદરૂપ થવાની ભાવના આપણને પ્રસન્નતાના શિખરે પહોંચાડે છે.

● જીવન અમૂલ્ય છે.

રોજ સવારે ઉઠીએ ત્યારે આપણે જીવિત છીએ એ ભગવાનનો આપણી પર મોટો ઉપકાર છે. દરેક વ્યકિતમાં એક બાળક જીવતું હોય છે. જીવનની કપરી સ્થિતિમાં પણ આપણી અંદર રહેલા બાળકને મરવા ન દઈએ.

● લાગણીની કદર કરીએ.

અન્યની લાગણીને સ્વીકારીએ. જીવનના જે તબકકે તેઓ જેવા હોય જે અવસ્થામાં હોય તેવાને તેવાજ તેમને સ્વીકારીએ.

આદર, હૂંફ અને સ્નેહ ત્રણેય પ્રસન્ન જીવનના આધાર સ્તંભો છે.હળવો ને પ્રેમાળ સ્પર્શ રોમ-રોમ પુલકિત કરે છે. દિવસ દરમિયાન જે વ્યકિતના આપણા સંપર્કમાં આવે તેનો દિવસ આનંદમય બને. શીખવાનું ચાલુ રાખે તે જીતે.

રસ પડતો હોય તેવા વિષયમાં બેધડક આગળ વધવું. જે શીખે તે ચાલે. જે નવું નવું કરે તે કયારેય જૂનો થતો જ નથી. નવી વાત પ્રસન્નતા બક્ષે છે. નવું શીખવાની વૃત્તિ જ પ્રસન્નતાની દ્યોતક છે.

● ચેલેન્જને સ્વીકારીને ચાલીએ.

મુશ્કેલી તો આવવાની જ. તેનાથી દૂર ભાગવાની શી જરૂર ? નકકી કરેલી વાતથી ન હારવું કે ન પાછા પડવું. વિવેકાનંદજી કહેતા કે ‘‘કામને વધારે સારી રીતે કરી શકવા માટે તમે ને માત્ર તમે જ શકિતમાન છો. આત્મવિશ્વાસ કેળવો. સ્વયંપ્રેરક બનો.’’ જે અવરોધોમાં અવસર શોધી શકે છે તે જ પ્રસન્નચિત્તનો માલિક હોઈ શકે.

● ગમતું કામ કરીએ અથવા કામને ગમતું કરીએ.

એક અભ્યાસ મુજબ ૭૯ ટકા લોકોને પોતાનો કામ ધંધો ગમતો નથી. અને તેથી જ કદાચ આપણી આસપાસ આટલા બધા લોકો દુઃખી થઈને ભાગમભાગ કરતાં દેખાય છે.

દરેક વ્યકિત નસીબદાર નથી કે તેને ગમતું કામ મળે. કામ ગમતું ન હોય ને કરવું પડે તેને વેઠ કહેવાય. જે કામ મળ્યું તેને ગમતું કરી લઈએ. થોડુંક અઘરું છે પણ અશકય નથી.

મનની આંતરિક શાંતિથી મન પ્રસન્ન રહે. પ્રસન્નતામાં દંભ હોતો નથી. એલ્બર્ટ હલ્લાર્ટ કહે છે કે પ્રસન્નતા એ ટેવ છે. તેને કેળવવી જોઈએ.

**મિસરી**

‘‘પોતાનું નબળું ગણવું નહી
બીજાનું જોઈ બળવું નહી.’’

(વોટ્સએપ પર વાંચેલું)

## જો તમે આંતરખોજ કરશો તો દરેક સ્થિતિ જગતની, જીતની બાજીમાં પરિણમી શકે...



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

વૃત્તસંચય

● ગુજરાતના નામાંકિત રચનાત્મક કાર્યકર, વિદ્વાન સાહિત્યકાર અને જાણીતા પ્રગતિશીલ વિચારક રોટેરિયના ડૉ. અતુલભાઈ પાઠકજીએ લખેક પુસ્તક ‘સોવિયેત - સોવિયેત’ની ‘કે.પી. એસ. મેનન નેશનલ એવોર્ડ ફોર પોલિટિકલ લિટરેચર’ માટે પસંદગી કરવામાં આવી છે.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર; ફૅકટલી ઑફ સોશિયલ વર્ક (મ.સ. યુનિ) અને જનજાગૃતિ અભિયાનના સંયુક્ત ઉપક્રમે મ.સ. યુનિ.ના ઉપકુલપતિ ડૉ. પરિમલ વ્યાસના અધ્યક્ષસ્થાને અને અગ્રણી સાહિત્યકાર ડૉ. સરોજકુમારના અતિથિવિશેષપદે ‘ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ અને સાહિત્ય’ વિશે દ્વિદિવસીય પરિસંવાદ યોજાઈ ગયો જેનું ઉદ્‌ઘાટન ગુ.સા. અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ કર્યું હતું. પ્રતમ બેઠકમાં મનસુખ સલ્લાએ ‘ગુજરાતી નવલકથામાં સ્વાતંત્ર્યસંગ્રામ’ વિશે અને ડૉ. અરૂણભાઈ વાઘેલાએ ‘ભારેલો અગ્નિ’ વિશે વ્યતવ્યો આપ્યા હતા. બીજી બેઠકમાં ડૉ. સરોજકુમારના અધ્યક્ષસ્થાને ‘ગુજરાતી કવિતામાં સ્વાતંત્ર્યસંગ્રામ’ વિશે ડૉ. મણિલાલ હ. પટેલે અને ‘યુગ વંદના’ અંગે ડૉ. હિતેશ ગાંધીએ વકતવ્યો રજૂ કર્યા હતા. ત્રીજી બેઠકમાં ડૉ. બંસીધર શર્માના અધ્યક્ષસ્થાને ડૉ. મહેશ ચંપકલાલે ‘ગુજરાતી નાટકમાં સ્વાતંત્ર્ય સંગ્રામ’ વિશે અને ડૉ. જગદીશ ગુર્જરે ‘ગુજરાતી ટૂંકીવાર્તામાં સ્વાતંત્ર્ય સંગ્રામ’ વિશે વ્યકવ્યો આપ્યાં હતા. ચોથી બેઠકમાં ડૉ. મહેશ ચંપકલાલના અધ્યક્ષસ્થાને ડૉ. અશ્વિનભાઈ ચૌહાણે ‘ગુજરાતી પત્રકારત્વમાં સ્વાતંત્ર્ય સંગ્રામ’ વિશે અને ડૉ. અરૂણભાઈ વાઘેલાએ ‘આદિવાસી સાહિત્યમાં સ્વાતંત્ર્યસંગ્રામ’ વિશે વકતવ્યો આપ્યાં હતા. બિરેન કોઠારી લિખિત પુસ્તક ‘ઓજસ્વી આઝાદ - જીવનકથાના અંગ્રેજી હિન્દી અનુવાદનું વિમોચન થયું હતું. આયોજન મનહર ત્રિ. શાહે કર્યું હતું.’

● સનદી અધિકારીઓ પણ નવરાશના સમયમાં લેખન ઉપર હાથ અજમાવતા હોય છે અને આ રીતે અશોક નારાયણ, એસ. જગદીશન, વિપુલ મિત્રા, પ્રવીણ ગઢવી, વી.એસ. ગઢવી, પ્રવીણ કે લહેરી, પ્રેમશંકર ભટ્ટ, પી.કે. વાલેરા, ભાગ્યેશ જહા, હરીશ મંગલમ્ જેવા આઈએસએસ અધિકારીઓ લેખક બની ચૂક્યા છે; જેમાં વધુ એકનો ઉમેરો થાય છે ગુજરાત કેડરના, ૧૯૯૧ની બેચના અગ્રસચિવ દરજ્જાના સનદી અધિકારી અંજુ શર્માએ **“I go the storm : Discover your true self”** યાને ‘વંટોળનું કેન્દ્ર : પોતાને ખરા અર્થમાં ઓળખો.’ પુસ્તક લખ્યું છે, જેનું વિમોચન અને લોકાર્પણવિધિ, ગુજરાતના મહામહિમ રાજયપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે તા. ૨૩.૨.૧૬ના રોજ થયું. તેમના આ પ્રેરણાદાયી પ્રથમ પુસ્તક વિશે તેમણે કહ્યું હતું કે : ‘જીવનમાં દરેક પછડાટ આપણને મજબૂરી રીતે ઊભરવાની તક પૂરી પાડે છે. જગતની અચોક્કસતા અને અકળતા આપણને મુશ્કેલ સ્થિતિ ઉપર જીત મેળવવા ખરેખર રોકે છે, પણ પોતાના બેકાબૂ જીવન ઉપર નિયંત્રણ મેળવવું એ અગત્યનું છે. જો તમે આંતરખોજ કરશો તો દરેક સ્થિતિ જગતની જીતની બાજીમાં પરિણમી શકે.’ આ લેખકના હાથ નીચે કામગીરી કરવાનો મોકો લ્હાવો સંપાદકને મળેલ છે, જે ખુશનસીબી છે. તેઓને ખૂબ ખૂબ હેતાવળા અભિનંદન...

● શ્રી આદિવાસી આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, સંતરામપુર (જિ. મહિસાગર) ખાતે નિષ્ઠાવાન નિવૃત્ત શિક્ષક મહેન્દ્ર ભાટિયા લિખિત કાવ્યસંગ્રહ ‘અભિતપ્ત’ હાઈકુ સંગ્રહ - ‘અદ્રિજા’, લેખસંગ્રહો ‘અક્ષર’ તથા ‘જવાલા’ નો વિમોચન સમારોહ પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો; જેમાં કાવ્યસંગ્રહ ‘અભિતપ્ત’ અને હાઈકુ સંગ્રહ ‘અદ્રિજા’ નું વિમોચન ડૉ.પ્રવીણભાઈએ, ‘અક્ષર’નું વિમોચન યશવંત મહેતાએ અને ‘જવાલા’ નું વિમોચન ‘પંચમહાલ પ્લેનેટ’ ના તંત્રી માલતીબેન સોલંકીએ કર્યું હતું.

ભવન્સ કૉલેજ-અમદાવાદ અને ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ‘ગદ્યખંડોનું વાચિકમ્’ યોજાઈ ગયું. જેમાં ગુજરાતી ભાષાના જાણીતા સર્જકો કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી, કિસનસિંહ ચાવડા અને ભાગ્યેશ જહાના ગદ્યખંડોનું પઠન નૈષેધ પુરાણી, આરતી પટેલ, ચિરાગ ત્રિપાઠી, નિસર્ગ ત્રિવેદી વિગેરે દ્વારા કરવામાં આવ્યું. આ નવા જ પ્રકારનો એક સાહિત્યિક ઉપક્રમ હોવાથી, ભાવકોએ મનભેર માણ્યો હતો.

● પ્રસિદ્ધ મહાન શાયર નિદા ફાઝલીનું હૃદયરોગના હુમલાને કારણે ૭૮ વર્ષની વયે નિધન થયું. દિલ્હીમાં શાયરપિતા મુર્તુજા હસન અને માતા જમીલ ફાતિમાનો ઘરે ત્રીજા સંતાનના રુપમાં, ૧૨મી ઓકટો. ૧૯૩૮ના રોજ તેમનો જન્મ થયો હતો અને તેમનું નામ ‘મુક્તદા હસન’ રાખવામાં આવ્યું હતું. ગ્વાલિયરની વિકટોરિયા કૉલેજમાં ૧૯૫૮માં તેમણે સ્નાતકોત્તર અભ્યાસ પૂરો કર્યો હતો. તેમને નાની ઉંમરથી જ લખવાનો શોખ હતો. તેમણે ઉપનામ - તખલ્લુસ તરીકે ‘નિદા ફાજલી’ નામ અપનાવ્યું હતું. નિદા ફાઝલીએ કારકિર્દીની શુભ શરુઆત ફિલ્મ ‘રઝિયા સુલતાન’ માટે ગીત - તેરા હિ જ મેરા નસીબ હૈ, તેના ગમ મેરી હયાત હૈ - લખવાથી કરી હતી. સને ૨૦૧૩માં તેમને પદ્મશ્રી થી નવાજવામાં આવ્યાં.સને ૧૯૯૮માં સાહિત્ય અકાદમીના એવોર્ડથી સન્માનિત થયા, જે એવોર્ડ ‘ખોયા હુવા સા કુછ’ માટે મળ્યો હતો. તેમણે ઘણાં કાવ્યસંગ્રહો, આત્મકથા લખવાની સાથે જ ખ્યાતનામ લેખકોના પુસ્તકોનું સંપાદન પણ કર્યું છે. તેમના પુણ્યાત્માને ભાવપૂર્ણ શબ્દાંજલિ.

● મહાન વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈના પત્ની અને દર્પણ અને નટરાણી - સંસ્થાઓ દ્વારા નૃત્ય અને નાટકની પ્રવૃત્તિઓના સુવાસ સમગ્ર વિશ્વમાં પ્રસરાવી, સમગ્ર ભારતીય કલાને પ્રભાવિત, પ્રોત્સાહિત કરનાર, નાટયકલા લેખનની પ્રવૃત્તિને તખ્તા ઉપર જીવંત કરી, ગુજરાતને વિશ્વસ્તરે ઝળહળતું કરનાર, પદ્મવિભૂષણથી વિભૂષિત મૃણાલિનીની સારાભાઈનું નિધન થતાં આ મૂલ્યવાન પ્રતિભાની વિદાય એ કલાજગતની વસમી ખોટ છે. તેમના અમૂલ્ય પ્રદાનને હૈયે ધરી, પુણ્યાત્માને ભાવભરી શબ્દાંજલિ.

**દધિ બિંદુ**

ભ્રમરના કાળા રંગને ભૂલીને, પ્રિય પાત્ર માટે મરી મિટવાની તેની ઉમદા ઘેલછાને જીવનમાં ઉજાગર કરીએ.

**દધિ હાઈકુ**

પાનખેર થ્યાં
પીણાં પર્ણો, જાણે કે
પીળિયો થયો!

સંતના દિલે
સરવાણી સ્નેહની
સતત વહે!

ઉભાં થયેલ
સગપણ સ્વાર્થનાં,
પળમાં તુટે!

- muljibhaidadhi@gmail.com